શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની

# પાઠશાળા

પુસ્તક : ૫૯ મે ૨૦૦૭
વૈશાખ : વીર સં. ૨૫૩૩ :: વિક્રમ સં. ૨૦૬૩

## હરિભદ્ર પુરોહિતનું અભિમાન હો !



'વર્ષના પ્રારંભે ચોપડામાં લખવાનો મંગળ રિવાજ છે.
શાલિભદ્રની ઋદ્ધિ સિદ્ધિ મળજો' -- એવું લખાય છે.
આ વાક્યથી શરૂ થયેલી યાદી ઠીક ઠીક લાંબી હોય છે.
આ યાદી જોઈને એના લખનારા પણ જોયા છે.
વર્ષે વર્ષે નવું વર્ષ આવે, નવા ચોપડા લખાય.
આ યાદી લખનાર પ્રાયઃ એવા ને એવા જ રહે છે ! કદાચ વ્યાપાર-વણજની કુનેહથી અને પ્રારબ્ધથી સમૃદ્ધિવાન્ પણ બને છે તો પણ યાદીના આ લખાણને જસ આપવાનું સૂઝતું નથી.
મને એક વિચાર આવે છે. આમ, યાદી લખી જવાથી ગુણ આવતા નથી. દોષ પણ દૂર જતાં નથી. તો, જે ગુણ પ્રગટાવવામાં નિમિત્ત બનાવી શકાય છે તેની જ માગણી કેમ ન કરવી ? આપણા શ્રી સંઘમાં હરિભદ્રસૂરિ મહારાજ સુપ્રસિદ્ધ છે. તેઓનો અર્હત્ શાસનમાં પ્રવેશ થયો તેમાં નિમિત્ત તેઓનું અભિમાન બન્યું છે !
આપણામાં અભિમાન તો છે જ અને આ ભવમાં એ કાંઈ જાય તેમ છે નહીં ! તો તે પરિશુદ્ધ અને પ્રામાણિક બને તો કાંઈક આત્મિક લાભ તરફ જીવનનો વળાંક આવે.
હરિભદ્ર પુરોહિતના પ્રામાણિક અભિમાનની વાત જાણીતી છે : 'જે કોઈ શ્લોક સંસ્કૃત-પ્રાકૃતમાં હોય અને હું ન સમજું તે મને જે સમજાવે તેનો હું શિષ્ય બનું.'
--આ પ્રકારનું અભિમાન તેમને હતું. પરંતુ તે પ્રામાણિક હતું.
મને તો તે અભિમાનનું કુળ ઈન્દ્રભૂતિના અભિમાનના કુળના જેવું લાગ્યું. આવા ગુણમાં પરિણમે તેવા કુળનું અભિમાન જેવું આપણું અભિમાન બને તો તે ઈચ્છવા જોગ છે. ઈન્દ્રભૂતિના માનના શિખરની લગોલગ તેની ઓથમાં સરળતા છૂપાયેલી હતી.
ઈન્દ્રભૂતિના અભિમાનનું સ્વરૂપ તો જુઓ ! 'મારા મનમાં રહેલા સંશયને, (માત્ર સંશયને, તેના નિરાકરણને નહીં) કહી આપે તો માનું કે આ સર્વજ્ઞ છે.' અને જેવા પ્રભુ મહાવીર મહારાજાએ કહ્યું : 'શું તને જીવનો સંશય છે !' ત્યાં તો ઈન્દ્રભૂતિ, પ્રભુ મહાવીરના દાસ બની ગયા. પ્રભુએ તો કહ્યું કે વેદપદના અર્થને સમ્યગ્ રીતે કેમ વિચારતા નથી ! તમારે વિજ્ઞાન ઘન એ પદનો અર્થ આત્મા નહીં પરંતુ જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. આ સ્પષ્ટીકરણ માત્રથી ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી બની ગયા !
દશાર્ણભદ્ર રાજાની પણ અભિમાનની બાબતમાં ખૂબ જાણીતી ઘટના છે.
આપણા દોષો પણ ગુણને જન્માવી શકે તેમ છે.
એ ઓછા આનંદની વાત છે ? આવો આનંદ સર્વત્ર હો !

— પ્રદ્યુમ્નસૂરિ

# આપણા ઘડવૈયા બાંધવ ! આપણે

રાજેન્દ્ર શાહ

(કાવ્ય)



આપણે આવળ બાવળ બોરડી,
કેસરઘોળ્યા ગલના ગોટા જી;
હલકાં તો પારેવાની પાંખથી
મા'દેવથી યે પણમોટા જી.
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.

કોઈ તો રાચે છે વેળુ છીપથી,
કોઈ તો જળને હિલ્લોળ જી;
મરજીવો ઉતરે મ્હેરામણે,
માથા સાટે મોતી-મોલ જી
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.

નજરૂં ખૂંપી છે જેની ભોંયમાં,
સામે પૂર એ શું ધાય જી!
અધીરો ઘટડાનો ઘોડો થનગને,
અણદીઠ ઓરું -એને પાય જી.
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.

બેઠેલાંનું બેઠું રે' વિમાસણે,
વેળા જુએ નહિ વાટ જી;
ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી,
વેડે તેને આવે હાથ જી.
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.



પંડની પેટીમાં પારસ છે પડ્યો,
ફૂટલાં ફૂટે છે કરંમ જી;
વાવરી જાણે તે બડભાગિયો,
જળહળ એનાં રે ભવંન જી.
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.

-- આસ્વાદ --

# આપણા ઘડવૈયા બાંધવ ! આપણે

*આપણું જીવન ઊંચું હોવું જોઈએ. તે માટે આપણાં વિચારો ઊંચા હોવા જોઈએ. આપણે ઊંચું ભાગ્ય લઈને જ અહીં જન્મ્યા છીએ. માત્ર એ માટે સવળી દિશાનો વિધિપૂર્વકનો યોગ્ય પુરુષાર્થ જોઈએ.*

આપણી જે સ્થિતિ હોય તેને અફર રૂપે સ્વીકારી લીધી તો આગળના વિકાસના કમાડ દેવાઈ ગયા સમજો. એવું કહેવાય છે કે, અસંતોષ એ વિકાસની પૂર્વ શરત છે. ધર્મમાં પણ જો પુરુષાર્થનો મહિમા છે તો અન્ય જીવનમાં તો સવળાં - સવેળા પુરુષાર્થની કિંમત છે જ.

*દૃઢ સંકલ્પ અને પરમ તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા એને કલ્પવૃક્ષ કહ્યા છે. મનમાં સંકલ્પ થયો નથી અને તે યોગ્ય સમયે ફળ્યો નથી! સુખી થવા માટે જરૂર છે સુખી થવાના સંકલ્પની. મનુષ્ય માત્ર સુખી થવા જન્મ્યો છે. છતાં તે દુ:ખી થાય છે પોતાનાં અવળાં પુરુષાર્થથી! ઊંડે ઊંડે તેને પોતાની એ અવસ્થા ગમતી હોય છે; જો કે મોંઢે કબૂલ કરતાં એ અચકાતો હોય છે.*

હવે એવી ભૂમિકાવાળા જીવો જેવા સુખી થવા માટે ઈચ્છે છે એને પુણ્યની જરૂરત રહે છે. જે લોકો પોતપોતાના કાર્યક્ષેત્રમાં હોંશિયાર છે અથવા સફળ પુરવાર થયા છે તેમાં પુરુષાર્થનો જે હિસ્સો છે તેટલો કે બલ્કે તેથી થોડો વધુ હિસ્સો તેના તકદીરનો, ભાગ્યનો, પુણ્યનો પણ છે જ. સાથે જ જીવન વિષેની કળા પણ જવાબદાર છે. જેમ કે :

એક ભાઈ મુંબઈમાં વાલકેશ્વર વિસ્તારમાં રહેતા હતા. તેમને ત્રણ દીકરા હતા. દીકરાને ઘેર પણ દીકરા હતા. સુખી પરિવાર હતો. પરંતુ બન્યું એવું કે બજારમાં મોટી ઉથલ-પાથલ થવા પામી. પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો. આસમાની સુલતાની થઈ ગઈ. આજથી સાઠ વર્ષ પહેલાનાં કરોડ રૂપિયાના આસામી, પેઢી કાચી પડી એટલે વાલકેશ્વરનો બંગલો કાઢીને શાંતાક્રુઝની એક ચાલીમાં આવીને રહ્યા.

જે દિવસો મળ્યા તેને સારા કરી જાણ્યા. રોજ ચાર પોતરાંને મન ભરીને રમાડે અને તેમની સાથે રમે. શાક-ફળ લેવા થેલી લઈને બજારમાં જાય. સરખી ઉંમરના વૃદ્ધો સાથે વાતે વળગે. સારી સારી વાતો ગાંઠે બાંધે. અમે એક વાર આવા હતા ને તેવા હતા એવી ભવ્ય ભૂતકાળની વાતોને વાગોળતા નહી; વર્તમાનને જ જોતાં.

જે કાંઈ મુસીબત સર્જાય છે તે બે સમયની સરખામણીથી સર્જાય છે. ઉલટાનું તેઓ એ વાતને એવી રીતે વર્ણવતાં કે પોતરાંઓ સાથે રમવાનો આવો આનંદ આ

પહેલાં મેં ક્યારે પણ અનુભવ્યો જ ન હતો. એવી તો મજા આવે છે કે જિંદગીમાં નિરાંત શું ચીજ છે તેની ખબર અત્યારે જ પડે છે. બોજા વિનાનું જીવન કેવું હોય તેનો અનુભવ મળે છે. આમ, જે સ્થિતિ સામે આવી પડી તેનામાંથી જીવન બનાવવાની કળાના દર્શન થાય છે. આનું નામ જીવન જીવવું તે.

*જો આવી દષ્ટિ ન ઘડાઈ હોય તો જે સ્થિતિનું જીવન જીવવાનું આવ્યું હોય તેનાથી વિપરીત જીવનની વાતો કરીને વર્તમાન જીવનને ઉણપવાળું, ખોડખાંપણવાળું માનવું કે મનાવવું એ જ કામ થઈ પડે છે. તેથી તો દુઃખી થવાનું જ થાય છે. એવું કરીને માણસ દુઃખને જ નોંતરે છે.*

વ્યવહારમાં એ નિયમને લોકો બરાબર અનુસરે છે. કોઈની દુકાને ગ્રાહક બની જઈ ચડ્યા તો તે દુકાનમાં જે માલ હોય તે અને પોતે જેનો વ્યાપાર કરતો હોય તે ચીજ અને તેના જ ભાવ-તાલ લખે છે. પૂછનાર જે ચીજ દેખાય તેની જ જાત જોવા માંગે છે. જે ચીજ ત્યાં દુકાનમાં નથી વેચાતી તેની પૃચ્છા સુદ્ધાં કરતો નથી. જેમ કે, કોઈ કાપડિયાની દુકાને ચડ્યો તો ત્યાં કરિયાણાની ચીજોને જોવા માંગતો નથી. કે કરિયાણામાં શું ભાવ ચાલે છે એમ પૂછતો નથી.

પણ કોણ જાણે એ જ માણસ પોતાના જીવન તરફ નજર માંડે તો તેને જે નથી તે જ યાદ આવે. તેની ખોટ છે એમ કરી તેના રોદણાં રડે. જે કાંઈ છે તેના વિષેની વાત જ ન કરે. તો પછી મગરૂરી લેવાની વાત જ શી કરવાની!

*વળી જે નથી તે ન જ મળે કે ન જ લાવી શકાય તેવું નથી. તેના માટેનો યોગ્ય પુરુષાર્થ કરે અને તે સાચી દિશાનો હોય તો ફળ મળે જ છે.*

આજે જેની પણ સફળતા દેખાય છે તેના મૂળમાં તો તેનું પ્રારબ્ધ / કિસ્મત / તકદીર/ ભાગ્ય નામ ગમે તે આપો તે હોય છે. જેમ કે : કોઈક ‘કીક બહાદૂર’ એક જ કીકથી સ્કૂટર સ્ટાર્ટ કરે છે. જોનારા પણ તાજ્જુબ થઈ જાય. પોતે પણ ફુલાય. પણ ખરેખર તો એની કીકને સફળતા આપનાર તો ટાંકીમાં પડેલું પેટ્રોલ છે. પેટ્રોલ છે તો એક જ કીકથી સ્કુટર સ્ટાર્ટ થાય છે. પુરુષાર્થ સ્થૂળ છે માટે દેખાય છે. જ્યારે પેટ્રોલ અંદર છે સૂક્ષ્મ છે તેથી તે નજરે ચડતું નથી.

પેટ્રોલ જેમ મેળવી શકાય છે તેમ પુણ્ય પણ મેળવી શકાય છે. પુણ્ય કમાવવાના ઉપાયો છે. સત્‌તત્ત્વ પ્રત્યેની નમ્રતા તે પહેલો ઉપાય છે. સાદી રીતે કહીએ તો, નમસ્કાર કરવો તે નમ્રતાનું સર્વોત્તમ પ્રતીક છે. બીજા ક્રમે દાન આવે છે. પુણ્ય હાંસલ કરવાનો આ ઉપાય પુણ્ય તરફ વાળે છે. અબોલ-મૂંગા પ્રાણીને રોજ નિયમિત એક સમયે અન્નદાન દેવામાં આવે તેનાથી પણ પુણ્ય નીપજાવી શકાય. તમે એક સામાન્ય પ્રયત્નથી સામા માણસની આંતરડી ઠારવાનું કામ કરો છો. સુખ-શાંતિ પમાડવાનું કામ કરો છો તેનાથી પણ પુણ્ય બંધાય છે. અરે! બીજું કશું ન કરો,

માત્ર કલાક-અડધો કલાક આયંબિલશાળામાં જઈને ચૂપચાપ પીરસવાનું કરશો તો પણ તમારું દુઃખ ઓછું થાય અને પુણ્ય બંધાય.

*પ્રભુ પૂજા કરતી વખતે પ્રભુ અરિહંત દેવાધિદેવની પૂજા કરીને પછી શ્રી ગૌતમ મહારાજાની પૂજા કરો તો પણ પુણ્ય વધતું રહે.*

*ઉપાયો કરવા માટે છે ગણવા માટે નથી.*

ઉપાયો અજમાવો. નિરાશા ખંખેરી નાખો. ખૂબ આશાવાદી બનો. જેમ જેમ વિધેયાત્મક વિચારસરણીનો અભિગમ અપનાવશો તેમ તેમ તમારું ભાગ્ય જાગશે.

ક્યારે પણ જેની તેની પાસે તમારી દુર્દશાના, તમારા દુઃખોના ગાણાં ગાશો નહીં. તમારા દુઃખ તમારા સિવાય બીજું કોણ ઓછું કરી શકવાનું છે? ભૂતકાળમાં જે કોઈ ઘટનાઓ બની ગઈ છે તેને ગાયા કરશો નહીં. આમ કર્યું હોત ને તેમ કર્યું હોત, મારું કામ થઈ ગયું હોત એવી નિષ્પ્રાણ અને વંધ્ય વિચારસરણી તો કરતાં જ નહીં. જે ઘટના બની ગઈ છે તેના વિષેનો તમારો ખરખરો તમારા સત્ત્વને હણનારો છે. પુણ્ય ઘટાડનારો છે. તમારા જીવનમાંથી આ વિચાર પદ્ધતિને તો દેશવટો જ દઈ દેજો.

*મનને તો બસ, પ્રભુના સ્મરણથી સદાકાળ ભીનું રાખવું.*

આત્મવિશ્વાસ પણ જીવન સફળતાની પૂર્વશરત છે. આપણે જોઈશું કે સફળતા જાહેરમાં ભલે વર્ષના ઑગસ્ટ મહિનામાં જણાવી પણ તે પહેલાં નજર સમક્ષ એ સફળતાનું ચિત્ર એકથી અનેકવાર તે સંપૂર્ણ દોરી ચૂક્યો હોય છે. સફળતાના એ માર્ગને અવરોધે એવા વિચાર સુદ્ધાં તે પોતાના જીવન-માર્ગથી દૂર રાખતો હોય છે. પરિણામે તે સફળતાને વરે જ છે.

એક દષ્ટિએ વિચારીએ તો એણે જે લક્ષ્ય નક્કી કર્યું હોય તેનાથી નીચું કશું જ ખપે નહીં. એ લક્ષ્યથી નીચેનું કાંઈ આવે તેને જતું કરતો જાય, જતું કરતો જ જાય. એમ કરતાં એક દિવસ તે નિશ્ચિત લક્ષ્યને જરૂર હાંસલ કરે છે. કહ્યું છે ને કેઃ

*નિશાન ચૂક માફ, ન માફ નીચું નિશાન* (અનુવાદઃ બ.ક.ઠાકોર)

આજે જે પ્રારબ્ધ આપણા પક્ષે છે તે ગઈકાલના પુરુષાર્થનું જ ફળ છે. આપણા જીવનનું ઘડતર આપણે જ કર્યું છે. બીજા કોઈને એ માટે યશ કે અપયશ કેમ અપાય? કદાચ, એ વ્યક્તિ કે એ પરિસ્થિતિ કે સંયોગ નિમિત્ત ગણી શકાય એટલું જ. બાકી કર્તાપણું તો આપણું જ હતું.




આપણે જેને સર્વોચ્ચ શિખરે

પહોંચેલા જોઈએ છીએ તેમાં કારણ એ પોતે જ છે. એવા મનોરથ કોઈ પણ કરી શકે. આપણે પણ કરી શકીએ. ધીરુભાઈ અંબાણી થવાના મનોરથ કરવામાં કોઈની રોકટોક થોડી હોય? પુરુષાર્થની વાત પહેલાં પણ મનોરથ થવા જરૂરી છે. એવા ઉચ્ચ મનોરથ પણ કેટલાં કરી શકે છે! નિરાશ ને હતાશ મન તો એવા મનોરથોથી પણ દૂર ભાગે! હીણપત અનુભવે! સાચું તો એ છે કે રુચિ-પસંદગી વિચારથી જ મનોરથનો પિંડ બંધાય છે.

પુરુષાર્થ કરવા માટે મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજે ગઝલના સ્વરૂપમાં કમર કસીને આકાશમાં ઉડાન ભરવા પ્રેરક પંક્તિઓ રચી છે :

*પુરુષાર્થના આ અશ્વ પર*
*થઈ જા સવાર તું,*
*નસીબ પર ન રાખ હવે*
*કંઈ ઉધાર તું.*
*એ આવશે નહીં*
*છતાં ખેલી જુગાર તું,*
*બસ પ્રેમથી પુકાર*
*હજી એકવાર તું.*
*તારા નયનના દામની*
*મૂકી તો જો રકમ,*
*પછી કહે ગરીબ છે*
*કે માલદાર તું.*
*અભેદથી નિહાળ*
*ચડી આસમાન પર,*
*બંદો ય તું જ છે અને*
*પરવરદિગાર પણ તું.*



એવું પણ બને કે તમે મહાન બનવાના જે મનસૂબા કર્યા તેની સફળતા માટેના પ્રામાણિક પ્રયત્ન પણ કર્યા છતાં તમે મહાન બની શક્યા નહીં. સાચું તો એ છે કે તમે પ્રયત્ન કર્યા તે જ તમારી વિશેષતા. બાકી તો પૈસા ઉછીના લીધા પહેલાં વ્યાજ ભરનારા ઘણાં છે! ઘટનાનું પણિામ આવે તે પહેલાં જ નિરાશાવાદી માનસ ધરાવનાર માણસ પોતાના પરિણામ વિષે હીણું માની લેનારની યાદીમાં આપણે આપણું નામ લખાવવું નથી. આવી નિરાશા ધરાવનાર નિરુદ્યમી જ હોવાના. નિરુદ્યમી માટે નિંદા કરવાનું કાર્ય સહેલું હોય છે. અને તેના જીવનની વાત બીજો કોઈ કરે ત્યારે નસીબની ખીંટીએ જ પોતાના વર્તમાનની જવાબદારી વળગાડે છે, અને જાણ્યે

અજાણ્યે પણ સફળતાને વરેલાના દોષને વીણી વીણીને એન્લાર્જ કરતો રહે છે. આ જ એન્લાર્જમેન્ટ પોતાના જીવનની સફળતાના માર્ગે પથ્થર બનીને પડી રહે છે.

જે કોઈ સારી સ્થિતિને પામ્યા છે તેમને જોઈને રાજી થનાર જ કોઈક દિવસ પોતે પણ આવી સારી સ્થિતિને પામશે. તેથી, બીજાની સફળતાને જોઈને, 'મારું પુણ્ય હશે, હું પુરુષાર્થ કરીશ તો હું પણ આવી સ્થિતિને જરૂર પામીશ' આવા વિચાર કરવાથી નિંદા કરવાના ખાડામાં પડવાની નુકશાનીથી તે ઉગરી જાય છે અને પોતાના ઉજ્જવળ ભાવિનું નિમાર્ણ કરે છે. સારું જોઈને રાજી જ થવું. નબળું જોઈને તેને વાગોળવું નહીં. ભાગ્ય ખીલવવાનો આ જ રસ્તો છે; રાજમાર્ગ છે.

સફળતા તમારી રાહ જુએ છે. વરમાળા લઈને ઊભી છે. આત્મવિશ્વાસથી હર્યા ભર્યા તમે તે માટે તૈયાર થઈ જાવ.

— પ્રદ્યુમ્નસૂરિ

# પુરુષાર્થનો મહિમા

અમારા હાથ તો છેને
ભાગ્યને જાતે ઘડી લઈશું.
વિધિ જો અંતરાયો
નાખશે તો આથડી લઈશું.
અમીર છે ને ખુમારી છે
અમારા પ્રાણમાં મિત્રો !
લથડશું તો ફરીથી
સ્થિર થાશું ને લડી લઈશું.

હિંમતના પવનથી છાતી ભરેલી હશે તો આપણાં માટે કશું અશક્ય નથી. મનુષ્ય શરીરની પ્રશંસાનું મૂળ કારણ તેમાં છૂપાયેલી અનંત શુભ સંભાવના છે. આપણે તેના સ્વામી છીએ તેથી પ્રભુ ઉપરનો પૂર્ણ ભરોસો રાખી, 'મારાથી થશે જ. અને હું કરી શકીશ.' એવા શ્રદ્ધા અને વિશ્વાસની પાંખે અનંત આકાશમાં ઉડ્ડયન શરુ કરી દઈએ.

**વર્ષ ૧૦ : અંક ૫ : '*પાઠશાળા*'** દ્વિમાસિક (પાંચ વર્ષના રૂ. ૧૨૫/-) વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરવો.
સંદીપભાઈ શાહ, ૪૦૨-જય એપાર્ટમેન્ટ;૨૯-વસંતકુંજ સોસાયટી;શારદા મંદિર રોડ; પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન: ૨૬૬૩૪૦૩૭
જિતુભાઈ કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, સત્તર તાલુકા સો., ૧૨, લાભ કૉમ્પ્લેક્ષ, પોસ્ટ : નવજીવન, અમદાવાદ - ૩૮૦૦૧૪
ચિમનભાઈ દોશી, કાનમુર હાઉસ, ૨૮૧/૮૭,નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર - મુંબઈ ફોન: ૨૫૦૬૫૯૯૮
વિજય દોશી, સી-૬૦૨, દત્તાણી નગર, બિલ્ડીંગ નં.૩, વિવેકાનંદ માર્ગ, બોરીવલી(પશ્ચિમ),મુંબઈ-૯૨ - ફોન: ૯૩૨૦૪ ૭૫૨૨૨
શરદભાઈ શાહ, વી.ટી. ઍપાર્ટમેંટ, કાળા નાળા, ભાવનગર - ૩૬૪ ૦૦૧ ફોન: ૨૪૨૬૭૯૭

**'પહેલું પાનું' પુસ્તિકા પ્રસિદ્ધ થઈ ગઈ છે. મૂલ્ય રૂપિયા પચીસ છે જે સૌજન્ય દાતાઓની સહાયથી રૂપિયા અઢારમાં મળશે.**

# એક અદ્ભુત વાત

*જ્યારથી વાત જાણી છે ત્યારથી મનમાં આનંદ આનંદ છવાયો છે. શું આવું બની શકે ? આવું બન્યું તો વિરતિની -સપ્રાણ સંયમની શક્તિ કેટલી બધી ! આપણા સંયમપાલન દ્વારા પણ આવું ક્યારે બની શકે ! આવા વિચારો મનમાં આવ્યા.*

*વાત એમ છે કે એક માતા-પિતાના સંતાનમાં બે દીકરીઓ. બન્ને દીકરીને જન્મતાવેંત કોઈ વ્યંતરી વળગી હતી. બન્ને દીકરીઓ ખાય નહીં, પીએ નહીં, ઊંઘે નહીં ને રડ રડ કરે. માતા-પિતા કંટાળી ગયા.*

*એ દીકરીઓના દાદાને મનમાં શું સૂઝ્યું કે બપોરના સમયે એ બન્નેને લઈને બજારમાં જઈને એક ઓટલે બેઠાં. વચ્ચે રસ્તો અને સામે ઘરમાં સાધુ મહારાજની વસતિ. બપોર વેળા, ગોચરી વાપરીને મળી (ગાડાનાં પૈડાં પાસે જે કાળી મળી વળે એનાથી રંગેલા પાત્રા) વાળા પાત્રા. એ ગોચરી વાપરીને એમાં જે પહેલું પાણી હોય તે પી લીધું હોય ( प्रथमं सलिलं पिबन्ति नियमेन ) પછીના બીજી ત્રીજી વખત પાત્રા વસતિની બહાર જઈ ધોવાના અને તેનું પાણી બહાર પડે.*

*પાત્રા ધોવાનું શરુ કર્યું કે તરત જ દાદાએ પેલી બન્ને દીકરીઓને પાત્રા નીચે ધરી દીધી. જેવું એ વિરતિવંતના પાત્રાનું પાણી શરીરને અડ્યું કે તરત જ એ વ્યન્તરી ધ્રુજીને શરીર છોડીને ભાગી. દીકરીઓ સાવ નિરોગી ને નરવી બની ગઈ !*

*વિરતિવંતના સંપર્કમાં આવેલી વસ્તુમાં પણ ઉપદ્રવ શાંત કરવાની કેવી કુદરતી શક્તિ છે ! સંયમનો આ પ્રભાવ છે.*

— પ્રદ્યુમ્નસૂરિ

## *મહેસાણાની પાઠશાળાના શિક્ષકોને સંબોધિને લખાયેલ પત્ર રૂપે લેખ આવતા અંકમાં...*

**❈•❈ જ્ઞાન પ્રસારણના સહભાગી ❈•❈**

**ચિનુભાઈ શાંતિલાલ શાહ(દેત્રોજવાળા)પરિવાર(૩૪, મિથિલા સોસાયટી, આંબાવાડી, અમદાવાદ)'પાઠશાળા' ના આ અંકના સૌજન્યનો સાભાર સ્વીકાર**

**પાઠશાળા**

**પુસ્તક : ૫૯**

(પાનાં - )

**પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, રમેશ શાહ (સંપાદક)**

૭૦૩, નૂતન નિવાસ,ભટાર માર્ગ,સૂરત : ૩૯૫ ૦૦૧

**Phone**: (0261)**2240733 & 3054748 Mo.: 9427152203**

**email : ramesh_pathshala@yahoo.com**

*(તમારા તથા દેશ-વિદેશમાં વસતા તમારા સ્નેહીઓના ઈમેઈલ સરનામાં મોકલો અમે તેમને 'પાઠશાળા'ના નવા-નવા અંકો મેઈલ કરીશું)*